### વાદળછાયા વાતાવરણની આગાહી

## સાબરકાંઠા-અરવલ્લીમાં ઠંડી ફરી ઘોચમાં પડે તેવી દહેશત

### રવિ વાવેતરમાં ફટકો પડવાની સંભાવના વધી

બાયડ, તા. ૨૮

કમોસમી માવઠા પછી ગાયબ થયેલી ઠંડીનો ફરી ૨ દિવસથી ચમકારો જોવા મળ્યો પરંતુ હવામાન વિભાગ દ્વારા વાદળછાયા વાતાવરણની આગાહી કરતા સાબરકાંઠા-અરવલ્લીમાં ઠંડી ફરી ઘોચમાં પડે તેવી દહેશત વધી છે. ઠંડીનું પ્રમાણ ઘટે તો રવિ વાવેતરને ફટકો પડવાની સંભાવના વધુ છે.

દર વર્ષે નવેમ્બરના અંત અને ડિસેમ્બરના પ્રારંભે જિલ્લામાં ૨ લાખ હેક્ટર જમીનમાં રવિપાકનું વાવેતર થતુ હતુ પરંતુ આ વર્ષે ગત સપ્તાહે વરસેલા કમોસમી માવઠા પછી શિયાળો ઘોચમાં પડ્યા જેવી સ્થિતિથી બટાટા, ઘઉં, રાયડો, જીરૂ, વળીયાળીના વાવેતરને ફટકો પડ્યો છે. બટાકાનું બિયારણ ખરીદનારા ખેડૂતો પણ ઠંડી બેઅસર રહેતા મોઘુ બિયારણ વાવવુ કે કેમ તેની ઉલઝનમાં પડ્યા છે. સતત વાવેતર વિસ્તાર વધવાના બદલે ઘટી રહ્યો છે. જળાશયોમાં ઓછુ પાણી છતાં ખેડૂતો માટે સરકારે સિંચાઈ માટે પાણી છોડ્યુ તેમ છતાં ઠંડી જામતી ન હોવાથી ખેડૂતો રવિ વાવેતરમાં નિરૂત્યાહ જણાઈ રહ્યા છે. હવામાન વિભાગે આગામી મંગળવારથી ફરી હવામાન પલ્ટાવની આગાહી કરી કમોસમી માવઠાની સંભાવના ઓછી પરંતુ વાદળછાયુ વાતાવરણ રહેવાની આગાહી કરતા રવિ તેમજ બાગાયતી પાકમાં રોગચાળો વકરવાની આશંકાથી ખેડૂતો ચિંતિત જણાતા રહ્યા છે. જિલ્લામાં બાયડ-ધનસુરા, મોડાસા, તલોદ, હિંમતનગર તાલુકામાં રવિ પાકનું ઠીક ઠીક વાવેતર થયુ છે. જ્યારે લગ્નસરાના અવસરને કારણે પણ વાવેતને ફટકો પડતો હોવાનું બીજુ અનુમાન છે.

### નવા વેરીયન્ટનો ભય દેખાયો

## બાયડ તાલુકામાં કોરોના પોઝીટીવ દર્દીથી ભયનો માહોલ

### દર્દી-પરિવારને હોમ ક્વોરન્ટાઈન કરાયા



બાયડ, તા. ૨૮

વિશ્વમાં કોરોનાના નવા વેરીયન્ટથી ભય પ્રસર્યો છે. ત્યારે બાયડ તાલુકાના માધવકંપામાં કોરોના પોઝીટીવ દર્દી મળી આવતાં આરોગ્યતંત્રએ જરૂરી તકેદારીના તમામ પગલાં ભરી દર્દી તેમજ તેના પરીજનોને ફરજીયાત હોમ ક્વોરન્ટાઈન કર્યા છે. દર્દી ગાંધીનગર રહેતો હતો ત્યાંથી સંક્રમીત થયાનું આરોગ્ય વિભાગે જણાવ્યુ છે.

દક્ષિણ આફ્રિકામાં કોરોનાના નવા વેરીયન્ટથી સમગ્ર વિશ્વમાં ભય જોવા મળ્યો છે. અનેક દેશોએ એરલાઈન્સ સેવા ઉપર પ્રતિબંધ મુકવાની શરૂઆત કરી છે. જ્યારે સાબરકાંઠા પછી અરવલ્લી જિલ્લામાં પાછલા ૧૦ દિવસમાં કોરોનાના કુલ ૫ પોઝીટીવ કેસ મળી આવતાં જિલ્લામાં કોરોનાની ત્રીજી લહેર ઉભી થવાની દહેશત વધી છે.જ્યારે તમામ દર્દી અન્ય જિલ્લા-રાજ્યમાંથી ચેપગ્રસ્ત થયાની પ્રાથમિક હીસ્ટ્રી જોવા મળી છે. જેથી પરપ્રાંતમાંથી જિલ્લામાં પ્રવેશતા લોકોના આરોગ્યની ચકાસણી નહીં થાય તો કોરોના ફરી જિલ્લામાં હાહાકાર મચાવે તેવી દહેશત સેવાય છે.

## મોડાસા ઘટક-૨ માં ઈન્ચાર્જ સી.ડી.પી.ઓ.થી ચાલતો આંગણવાડી કેન્દ્રોનો વહીવટ

### ૧૩૩ આંગણવાડી કેન્દ્રોમાં ૨ વર્ષથી કાયમી જગ્યા ખાલી

મોડાસા ઘટક-૨માં કાર્યરત ૧૩૩ આંગણવાડી કેન્દ્રોના વહીવટ માટે સી.ડી.પી.ઓ.ની કાયમ ૧ જગ્યા છેલ્લા ૨ વર્ષથી ભરાઈ ન હોવાથી વહીવટીય કામગીરી ખોરંભે પડતી હોય છે. આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને પૂરક આહાર આપવાની સાથે સરકારના મમતા દિવસ સહિતના ખાસ કાર્યક્રમોનું આયોજન થાય છે કે કેમ..?? તે ચાર્જના અધિકારીએ વિઝીટ લઈ તપાસવાનું હોય છે પરંતુ ચાર્જથી ચાલતા વહીવટમાં કેન્દ્રોની વિઝીટ પણ અદ્ધરતાલ રહેતી હોવાની ફરિયાદ ઉઠી છે.

જિલ્લાના આંગણવાડી કેન્દ્રોમાં કાર્યકર બહેનો અનેક હાલાકીઓ વચ્ચે ફરજ બજાવી રહી છે. સરકાર સમક્ષ વેતન વધારવાની માંગણી હજુ સુધી સ્વીકારાઈ ન હોવા છતાં ગ્રામ્ય વિસ્તારની આંગણવાડી કેન્દ્રોમાં કાયમી કાર્યકર બહેનો નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે છે ત્યારે મોડાસા ઘટક-૨ માં કાર્યરત આંગણવાડી કેન્દ્રોમાં વહીવટીય કામગીરી માટે કાયમી સી.ડી.પી.ઓ.ની જગ્યા ભરવામાં ન આવતાં આંગણવાડી કેન્દ્રોનું સંચાલન કાર્યકર બહેનો માટે મુશ્કેલીરૂપ બન્યું છે. ઘટક-૨ માં કુલ-૧૩૩ આંગણવાડી કેન્દ્રો આવેલાં છે પરંતુ ૨ વર્ષથી સી.ડી.પી.ઓ.ની કાયમી જગ્યા ભરવામાં આવી નથી. જ્યારે આંગણવાડી કેન્દ્રોના વહીવટ માટે ઈન્ચાર્જ અધિકારી અંગત કામોમાં વ્યસ્ત રહેતાં હોવાના કારણે કાયમી વિઝીટને તેની અસર થઈ રહી છે. એક તરફ સરકાર આંગણવાડી કેન્દ્રોમાં આવતા બાળકોને પોષણક્ષમ આહાર તેમજ મમતા દિવસ સહિતના સરકારના ખાસ કાર્યક્રમોનું સુચારૂપ આયોજન થય તે માટે પ્રયત્નો કરી રહી છે પરંતુ મોડાસા ઘટક-૨ માં કાયમી સી.ડી.પી.ઓ.ની જગ્યા ભરવામાં આવી ન હોવાથી આંગણવાડી કેન્દ્રોની સંચાલક બહેનો અનેક મુશ્કેલીઓ સહન કરી ફરજ બજાવી રહી છે.

## લગ્નના અવસરો - ઉમેદવારો ભોજન ડીશ લઈ ફરતા થયા

### જિલ્લામાં લગ્નના અવસરમાં ઉમેદવારોએ પ્રચારની તક ઝડપી

બાયડ,તા. ૨૮

જિલ્લાની ૫૫૬ ગ્રામ પંચાયત માટે ખરાખરીનો ચૂંટણી જંગ જામવાનો છે ત્યારે લગ્નના અવસરમાં સરપંચ-વોર્ડના ઉમેદવારો પોતાના મતદારોને જોઈ ભોજન ડીસ સાથે ફરતા જોવા મળ્યા હતા. લગ્નના અવસરમાં ઉમેદવારોએ પ્રચારની તક ઝડપી છે. જિલ્લામાં ઉમેદવારો માટે સમય ઓછો અને કામ વધુ જેવી સ્થિતિ જોવા મળતાં લગ્નના અવસરોને પ્રચાર કેન્દ્રનું માધ્યમ બનાવ્યું છે.

સ્થાનિક સ્વરાજ્યના ચૂંટણી જંગનું ગ્રામ્ય વિસ્તારોમાં વર્ષોથી વધુ મહત્વ રહ્યું છે. ધારાસભ્ય કે સાંસદ બનવા કરતાં સરપંચ બનવું ઘણું અઘરૂ છે. જિલ્લામાં મુદત પૂર્ણ કરતી તેમજ ખાલી પડેલી બેઠકની પેટાચૂંટણી તા. ૧૯ ડિસેમ્બરે યોજાશે. સાબરકાંઠા-અરવલ્લીની ૧૪ તાલુકાની ૫૫૬ ગ્રામ પંચાયતોનો ચૂંટણી જંગ વર્તમાન ધારાસભ્યો માટે વાયા ગાંધીનગરનો માર્ગ ફરી તૈયાર કરશે તેથી ધારાસભ્યો તેમજ ભાવિ ધારાસભ્યના ઉમેદવારોએ સરપંચના ચૂંટણીજંગમાં પ્રત્યક્ષ-પરોક્ષ રીતે જોડાઈ ગયા છે. પરંતુ ચૂંટણી જાહેર થયા પછી સરપંચ-વોર્ડના ઉમેદવારોથી મતદારો અંતર રાખતા થઈ ગયા છે. અનેક મતદારોને મત આપ્યા પછી મુક્ત જેવી મુદ્રામાં હોય છે. કારણ કે સરપંચ-વોર્ડના ચૂંટણી જંગમાં હાર્યા પછી કડવાહટ થાય તેમાં ઉમેદવારો બાજુમાં રહે.... પરંતુ મતદારોને દાઢમાં રાખી હેરાન કરાતા હોય છે ત્યારે આ વખતે ૧૯ ડિસેમ્બરનો ચૂંટણી જંગ વિધાનસભા ચૂંટણીનો સેમીફાઈનલ જંગ બની રહેશે તેથી રાજકીય પક્ષોના આગેવાનો-કાર્યકરો પૂરી તાકાતથી જંગમાં જંપલાવશે. ત્યારે લગ્ન સમારંભો તા. ૧૫ ડિસેમ્બર સુધી યોજાવાના છે ત્યાં વધુને વધુ ઉમેદવારો જોવા મળશે. તેથી અનેક લગ્નના યજમાનો માટે ભોજનનું આયોજન પણ ધારણા કરતાં વધે તેવી દહેશત પણ પ્રવર્તી રહી છે.

## ગુજરાતમાં દારૂ-બંધી હોવા છતા જાહેરમાં ચાલતા દેશી દારૂના અડ્ડા પર સ્ટેટ મોનીટરીંગના દરોડા

અમદાવાદ , તા.૨૮

ગુજરાતમાં દારૂ-બંધી હોવા છતા અમદાવાદ શહેરમાં બુટલેગરો બન્યા બેફામ, બેકોફ થઈને ખુલે આમ વેચતા હતા દેશી દારૂ. ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે સરખેજમાં ચાલતા જુગારધામને ઝડપયા બાદ ઓઢવ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ઝસ્ઝ કેનાલ નજીક ખુલ્લી જગ્યામાં જાહેરમાં બુટેલગર રંગીલા જગરૂપ યાદવના દેશી દારૂના અડ્ડા પર મોડી સાંજે દરોડો પાડી અને ૧૩૦ લીટર દેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. પોલીસે બુટલેગર રંગીલાના માણસ પ્રવીણ રાજપૂતની ધરપકડ કરી હતી. છેલ્લા ત્રણ મહિનાથી આ દેશી દારૂનો અડ્ડા પર કામ કરતો અને દારૂ ખૂટે તો તાત્કાલિક પહોંચાડી પણ દેવાતો હતો. પોલીસે ૧૩૦ લીટર દારૂ કબ્જે કરી બૂટલેગર રંગીલા યાદવની ધરપકડ કરવા તજવીજ શરૂ કરી છે.ગાંધીનગર સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમને વોટ્સએપ પર માહિતી મળી હતી કે અમદાવાદના ઓઢવ પોલીસ સ્ટેશનનો હદમાં ઝસ્ઝ કેનાલ નજીક જાહેરમાં દેશી દારૂનું વેચાણ થાય છે. જેના આધારે પોલીસે તપાસ કરતા રંગીલા યાદવ નામના શખ્સનો દારૂનો અડ્ડો ચાલતો હોવાની હકીકત જણાતાં સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે શનિવારે સાંજે અડ્ડા પર દરોડો પાડ્યો હતો. દરોડા દરમ્યાન પોલીસે પ્રવીણ રાજપૂત નામના શખ્સને એક કોથળામાં દેશી દારૂ વેચતા ઝડપી લીધો હતો. આરોપીની પૂછપરછ કરતા વધુ દેશી દારૂનો જથ્થો કચરાના ઢગલામાં સંતાડી રાખ્યા હોવાનુ જણાવ્યું હતું જેથી તપાસ કરતા ૧૩ પ્લાસ્ટિકના થેલામાં કુલ ૧૩૦ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા છેલ્લા અઠવાડિયામાં અમદાવાદ શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિઓને ડામવા માટે કડક છાપ ધરાવતા બે ડીસીપીના ઝોનમાં જ આવતા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દરોડા પાડ્યા છે. જાગૃત વ્યક્તિએ ઓઢવ પોલીસને જાણ કરવાની જગ્યાએ ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલને જ વોટ્સએપ કરી જાણ કરી હતી. સરખેજ વિસ્તારમાં પણ વરલી મટકાનો જુગારધામ શરૂ કરી ત્યાં આવતાં ગ્રાહકોને ચા-પાણી સુધીની વ્યવસ્થા પણ હતી અને મોટા પ્રમાણમાં લોકો ત્યાં જુગાર લખાવતા હતા. આરોપી પ્રવીણની વધુ પૂછપરછ કરતા રંગીલો યાદવ આ દેશી દારૂનો જથ્થો વેચવા માટે આપી ગયો હતો. છેલ્લા ત્રણ મહિનાથી રંગીલાના ત્યાં રોજના ૫૦૦ રૂપિયામાં નોકરી કરે છે. રોજ રાતે ૯ વાગ્યે રંગીલા દારૂના વેચાણના પૈસા આવીને લઈ જાય છે. જ્યારે પણ દારૂ ખૂટે ત્યારે ફોન કરતા રંગીલા આવીને દારૂ આપી જાય છે. પોલીસે આરોપી પ્રવીણના મોબાઈલની ડિટેલ્સ પણ તપાસી હતી. આ ઉપરાંત સરખેજ વિસ્તારમાં પણ ગાંધીનગર સ્ટેટ મોનિટરીંગ સેલની ટીમે મકરબા રોડ પર તારા ગરબાવાના ખાડામાં ચાલતા વરલી મટકાના જુગારધામ પર દરોડા પાડ્યા હતા. અને જુગારધામ ચલાવનાર મહંમદ વસીમ મલેક તેના બે રાઈટર અને આંક લખાવવા આવેલા ગ્રાહકો સહિત ૭ લોકોની ધરપકડ કરી હતી.

## જિલ્લાની ગ્રામ પંચાયતોની ચૂંટણી જંગમાં ઉમેદવારોને સોગંદનામામાંથી મુક્તિ

### ચૂંટણીમાં માત્ર એકરારનામું આપવાની ચૂંટણીપંચની ચોખવટ

બાયડ,તા. ૨૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૫૫ ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર થતાં ફુલગુલાબી ઠંડીમાં રાજકીય માહોલ ગરમાયો છે. તા. ૧૯ ડિસેમ્બરના રોજ ચૂંટણી યોજાવવાની છે ત્યારે ચૂંટણી જંગમાં ઉમેદવારી કરનારા ઉમેદવારોને ઉમેદવારીપત્ર ભરવા માટે જરૂરી સોગંદનામામાંથી મુક્તિ મળી શકે છે. ચૂંટણીપંચે સ્પષ્ટતા કરી છે કે ઉમેદવારે તેના ગુનાહીત ભૂતકાળ તેમજ માલમિલ્કત, શૈક્ષણિક લાયકાતની વિગત માટે સ્ટેમ્પ પેપર ઉપર કોઈ સોગંદનામું રજુ કરવાની જરૂર નથી માત્ર ફોર્મના ભાગ-૮ માં નમુના મુજબ એકરારનામું કરવાનું રહેશે. ઉમેદવારો ગેરમાર્ગે ન દોરાય અને સરળતાથી ફોર્મ ભરી શકે તે માટે ચૂંટણીપંચે આ સ્પષ્ટતા કરી છે.

ગ્રામ પંચાયતોની ચૂંટણીઓમાં અલ્પ શિક્ષિત ઉમેદવારો સરપંચ તેમજ વોર્ડ સભ્ય ફોર્મ ભરવા સમયે રીતસરના ફાંફે ચઢતા હોય છે. ચૂંટણીપંચના નિયમોથી સંપૂર્ણ વાકેફ ન હોવાના કારણે ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર થયા પછી ઉમેદવારોને પોતાનું ફોર્મ રદ ન થાય તેની ચિંતા સતાવતી હોય છે. બંને જિલ્લામાં ડિસેમ્બર-૨૦૨૧માં મુદત પૂર્ણ કરતી ગ્રામ પંચાયતોની ચૂંટણી જાહેર થયા પછી હવે રાજ્ય ચૂંટણીપંચે પણ કેટલીક ચોખવટ કરી છે જેમાં ઉમેદવારોએ સ્ટેમ્પ પેપર ઉપર સોગંદનામું રજુ કરવાની કોઈ જરૂર નથી. ફોર્મ ભાગ-૮માં એકરારનામું જ આપવાનું રહેશે. સોગંદનામાં રજુ કરવાની ચાલી આવેલી પદ્ધતિ ખોટી હોવાના કારણે પંચ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે.

ચૂંટણીપંચ દ્વારા ઉમેદવારના ઘરે બંધ બારણાવાળું શૌચાલય હોવું જરુરી બનાવાયું છે જેમાં વોટર ક્લોઝટ શબ્દથી ઉમેદવારોએ ગુંચવણમાં મુકાવવાની કોઈ જ જરૂર ન હોવાનું જણાવી ઉમેદવાર પાસેથી મામલતદાર કે આર.ઓ. દ્વારા સેલ્ફ ડીકલેરેશન મતલબ કે બાંહેધરીપત્ર જ મેળવવાનું રહેશે. જ્યારે ઉમેદવારીપત્રના નમૂના-૪ નો ભાગ-૨ ભરવો જરૂરી નથી. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં દરખાસ્ત કરનારની જ જરૂર રહે છે. ૯ ટેકેદારોની કોઈ જરૂર નથી તેવી ચોખવટ કરવામાં આવી છે.

### તસ્કરીનો ભેદ ઉકેલવા ડગ સ્કવોર્ડની મદદ

## જાયલામાં શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા પરિવારના ત્યાં તસ્કરો ત્રાટક્યા, ૯૨ હજારની મત્તા ચોરાઈ

બાયડ, તા. ૨૮

ભિલોડા તાલુકાના જાયલામાં શિક્ષણ વિભાગમાં ફરજ બજાવતા ૨ ભાઈઓના ત્યાં ત્રાટકેલા તસ્કરોએ સોના-ચાંદીના દાગીના, રોકડ રકમ સહિત ૯૨ હજારની મત્તા ચોરી ફરાર થઈ જતાં ફરી એકવાર ભિલોડા પોલીસ તસ્કરીના ઉપદ્રવને નાથવામાં નાકામીયાબ સાબિત થઈ છે. તસ્કરોનો ભેદ ઉકેલવા ડૉગ કવોર્ડની મદદ છતાં કોઈ પગેરૂ મળ્યું નથી. પોલીસે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

દિપાવલીના તહેવારો સંપન્ન થયા પછી ફૂલગુબાબી ઠંડીના માહોલમાં તસ્કરો સક્રીય થયા છે. રોજ ઘરફોડ ચોરીના બનાવથી પોલીસ ઉંધા માથે થઈ છે.

તાલુકાના જોયલા ગામે ગત તા. ૨૨ના રોજ રાત્રિના સમયે ત્રાટકેલા તસ્કરોએ ૨ સગા ભાઈઓના મકાનોને નિશાન બનાવ્યા હતા જેમાં ગાંધીનગર શિક્ષણ વિભાગના નિવૃત્ત કર્મચારી કમલેશ નાનજીભાઈ બામણીયા (હાલ રહે. ગાંધીનગર) અને તેમના ભાઈ અરવિંદભાઈ બામણીયાના મકાનના દરવાજાનાં તાળાં તોડી તસ્કરોએ સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમ પણ ચોરી ફરાર થઈ ગયા હતા. એક સાથે બે મકાનોને તસ્કરોએ નિશાન બનાવતાં ગાંધીનગર રહેતો પરિવાર તાબડતોબ વતનમાં આવી પહોંચ્યો હતો જેમાં તપાસ કરતાં તસ્કરો કુલ ૯૨ હજારની મત્તા ચોરી ગયાનું જણાતાં પોલીસ ફરિયાદ આપી છે.

**શું ચોરાયું...**

- સોનાની બુટ્ટી જોડ - ૧
- સોનાની વિંટી - ૧
- રૂ. ૧૦ હજારની રોકડ રકમ
- સોનાની લકી નંગ - ૨
- સોનાની ચેઈન - ૧
- ચાંદીની વિંટી - ૧
- ચાંદીની લકી - ૧
- ચાંદીની બુટ્ટી જોડ - ૧
- ચાંદીના છડા જોડ - ૧
- ડાયમંડની કડી નંગ - ૨
- ૩૫ હજારની રોકડ રકમ

### ખેડા જિલ્લામાં રહેતી અને સરકારી કચેરીમાં

## રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવતી મહિલાએ સાસરિયાઓ સામે ફરિયાદ નોંધાવી

અમદાવાદ,તા.૨૮

ખેડા જિલ્લામાં રહેતી અને મામલતદાર કચેરીમાં રેવન્યુ તલાટી નોકરી કરતી ૩૪ વર્ષીય મહિલાએ રાણીપમાં રહેતા એક ડેન્ટિસ્ટ સાથે લગ્ન કર્યા હતા. લગ્ન બાદ તેની સાસુ ઘરના કામ કરીને નોકરીએ જવાનું કહી ત્રાસ ગુજારવાનું શરૂ કર્યું હતું. મહિલાની સાસુ ક્યાંય જવા પણ દેતી નહીં અને કામ કરવા માટે જ લાવ્યા છે કહીને ત્રાસ આપતી હતી. સગાઈ કરી તે દરમિયાન મહિલાના પતિએ મહિલાના પગારમાંથી હાર્ડડિસ્ક અને લગ્ન બાદ ઝેડ બ્લ્યુમાંથી કપડાં અને ઓનલાઈન વસ્તુઓ મગાવી ખર્ચા કરવા પત્નીને દબાણ કરતો હતો. મહિલાના પતિએ જન્મદિને પૈસાની માંગણી કરી અને સસરા પાસે સોફા સેટ માંગતા સસરાએ સોફાસેટ લાવી આપ્યો હતો. ખેડા જિલ્લામાં રહેતી અને એક સરકારી કચેરીમાં રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવતી મહિલાએ સાસરિયાઓ સામે ફરિયાદ નોંધાવી છે. મહિલાનું સગપણ નક્કી થયું ત્યારે હાલનો પતિ ઝેડ બ્લ્યુની ગિફ્ટ અને ઓનલાઈન વસ્તુઓ માંગતો હતો. આટલું જ નહીં સાસુ પણ ઝગડાઓ કરી ધમકી આપતી કે કોઈને કહેશે તો, ત્રીજા માળેથી કૂદી મહિલાને જેલભેગી કરશે. સમગ્ર બાબતોથી કંટાળીને મહિલાએ ફરિયાદ આપતા હવે પોલીસે તપાસ શરૂ કરી છે.

સાસુ ઝગડા કરી કહેતી કે, કોઈને આ બધી વાતો કહીશ તો ત્રીજા માળેથી પડતું મૂકી તારું નામ લખીને જઈશ અને તને જેલમાં પુરાવીશ. આખરે કંટાળીને આ મહિલાએ ફરિયાદ આપતા હવે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. લગ્ન બાદ દારૂ પીતા પતિને ઠપકો આપતા પત્નીને કહ્યું કે, લગ્ન પહેલાથી દારૂ પીવું છું થાય તે કરી લે. લગ્ન બાદ સાસુએ પિયરમાંથી મહિલાને ફ્રીઝ લાવવાનું કહ્યું હતું પણ મહિલાએ પોતાના રૂપિયાથી ફ્રીઝ લાવી આપ્યું હતું. સાસુ અવાર નવાર આ મહિલાને કમાઉ વહુ ખર્ચા કરવા લાવ્યા હોવાનું જણાવી ત્રાસ આપતી હતી. લગ્ન બાદ મહિલાએ પુત્રને જન્મ આપ્યો અને બાદમાં તેના પતિને અન્ય સ્ત્રી સાથે લફડું હોવાની જાણ થઈ હતી.

### હાઈકોર્ટ જસ્ટીસ જિલ્લા અને પાટણ કોર્ટનાં યુનિટ જજ

## વૈભવીબેન નાણાવટી પાટણ કોર્ટનાં ન્યાયિક અધિકારીઓ સાથે મિટિંગ યોજી

પાટણ,તા.૨૮

એક દિવસની મુલાકાતે આવેલા હાઈકોર્ટે જસ્ટીસ જિલ્લા અને પાટણ કોર્ટનાં યુનિટ જજ વૈભવીબેન નાણાવટી પાટણ કોર્ટનાં ન્યાયિક અધિકારીઓઓનું સ્વાગત કર્યું હતું. પાટણ જિલ્લા અદાલતની આ બેઠકના પ્રારંભે જિલ્લા જજ ડી.એ.હિંગુએ તેમનું શબ્દોથી સ્વાગત કરીને હાઈકોર્ટના જજનો પરિચય આપ્યો હતો. બાદમાં તેમને પાટણની રાણીની વાવ અને અન્ય ઐતિહાસિક સ્થાપત્નીથી મોમેન્ટો અર્પણ કરીને તેમનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પાટણ સેસન કોર્ટ ના જજ એ. કે.શાહ.અને મેજિસ્ટ્રેટ પ્રિયંકા લાલે પણ તેમનું સ્વાગત કર્યું હતું. આ બેઠકમાં પાટણ જિલ્લાની તમામ અદાલતોમાં થતી કામગીરીનાં આંકડાનું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યુ હતું અને તેની સમીક્ષા પણ કરાઈ હતી. તથા પીરીયોડિકલ મિટીંગની ચર્ચા કરાઈ હતી. વહિવટી પ્રક્રિયામાં પ્રગતિની પણ સમીક્ષા કરાઈ હતી.આ ઉપરાંત પાટણ જિલ્લાની કોર્ટોમાં રહેલા કેસોનાં ઝડપી નિકાલ માટેની ચર્ચા કરીને તે અંગે ઝડપથી અને કેસોનું ભારણ ઘટાડવા માટે પણ જણાવ્યું હતું. સમગ્ર બેઠકના અંતે હાઈકોર્ટ જસ્ટીસે બેઠક અંગેનો પડતર નિકાલ લાવવાની પણ સૂચના આપી હતી.આ પ્રસંગે પાટણ જિલ્લા જજ ડી.એ.હિંગુ, જજો એ.કે.શાહ, એમએસ.દવે, કુ. કે.આર. પ્રજાપતિ સહિત પાટણ જિલ્લાની તમામ અદાલતોનાં મેજિસ્ટ્રેટો અને જજો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પાટણ કોર્ટનાં મેજિસ્ટ્રેટ પાટણ તાલુકા કાનુની સેવા સત્તામંડળનાં સેક્રેટરી એમઆર ઠકકરે ક્યું હતું. આભાર વિધી સેસન્સ જજ એ.કે. શાહે કરી હતી.હાઈકોર્ટ જસ્ટીસે પોતાના પ્રવચનમાં પાટણનાં જિલ્લાની કામગીરી સંતોષ જનક હોવાનું જણાવ્યું હતું તેમણે કહ્યું કે, આપણે સૌ ન્યાયતંત્રના સિપાઈ છીએ આપણે ન્યાયતંત્રનું ગૌરવ જાળવી રહ્યા છીએ. જે રીતે આપણી પાયો પાક્કો હશે, તો બિલ્ડીગમાં પણ મજબૂત બનશે. એ રીતે ન્યાયતંત્ર આ સમાજનો પાયો છે. તે આપણા થકી મજબૂત હોવો જઈએ. આપણે સૌ બંધારણના મજબૂત પાલન કર્તા પણ છીએ.બંધારણ નો રોજરોજ અભ્યાસ કરવો જોઈએ.હાઈકોર્ટ જસ્ટીસે એક જજ પૂસ્તકનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, આ બુકનો અભ્યાસ કરવો જોઈએ તેમાં ન્યાયતંત્ર બાબતે ઘણું સારું લખાયું છે. તેવો તેમાં ઘણા માર્ગદર્શક બન્યા છે. આપણે આપણા ન્યાયતંત્ર ને મજબૂત બનાવવાનું છે.

## અમદાવાદની એલડી એન્જિ.નું કેમ્પસ બન્યું પહેલું ગ્રીન- કલીન કેમ્પસ

અમદાવાદ,તા.૨૮

અમદાવાદમાં પ્રકૃતિ અને પર્યાવરણ ને વધુ સારું બનાવામાં અમદાવાદ ની એલડી એન્જીનીયેઅરીંગ કોલેજ નો ફાળો મોટો છે, અહિયાં એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજનું કેમ્પસ કલીન, ગ્રીન અને સસ્ટેનેબલ કેમ્પસ બન્યું છે. કોલસામાંથી પેદા થતી વીજળીના બદલે રિંયુએબલ સોર્સ ઓફ એનર્જીનો ઉપયોગ મોટાપાયે ઉપયોગ શરૂ કરાયો છે. ત્યારે વીજળી બચાવવાનો આ પ્રયાસ સમગ્ર ગુજરાતના એજ્યુકેશન ક્ષેત્રે પહેલો છે. ૩૪૮ કિલોવોટની સોલર પેનલ એલ.ડી. એન્જીનીયરીંગ કેમ્પસમાં લગાવવામાં આવી છે. ૪૦ ટકા વીજળીની બચત કેમ્પસમાં આવેલી ૩૪૮ કિલો વોટ સોલાર પેનલથી બચત થતો હોવાનો દાવો કોલેજ દ્વારા કરાયો છે. એલ.ડી. એન્જીનીયરીંગ કોલેજ ગ્રીન એનર્જિ તરફ વળ્યું છે. જેથી પર્યાવરણને પણ ફાયદો થાય. કેમ્પસમાં છસ્ઝ ના પાણીના બદલે ભૂગર્ભ જળનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ભૂગર્ભ જળની સપાટી નીચી ના જાય એ માટે રેન વોટર હારવેસ્ટિંગ પર કામ કરાયું છે. હાલ કેમ્પસમાં ૩ રિચાર્જ વેલ કાર્યરત છે અને અન્ય ૩ રિચાર્જ વેલની મંજૂરી મળી છે. વરસાદી પાણી ભૂગર્ભમાં ઉતરતા પાણીની સપાટી નીચી જતી અટકે છે, આ યોજનાથી ૨ કરોડ લીટર પાણી રિફિલ કરવામાં સફળતા મળશે. આ સિવાય વપરાશ થયેલું પાણી ગંદુ થતા ગટરની પાઈપલાઈનમાં છોડી મૂકવામાં આવે છે. પરંતુ સિવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટની મદદથી એવું પાણી નાહવા અને પીવા માટે વાપરી ના શકીએ, પણ ગાર્ડનિંગના કામમાં ઉપયોગી સાબિત થઈ શકે છે. ક્લાયમેટ ચેન્જ ડિપાર્ટમેન્ટ અને ગુજરાત એનર્જી ડેવલમેન્ટ એન્જસી સાથે પ્રક્રિયા ચાલુ છે, અંદાજે ૮ હજાર લીટર પાણીનો વપરાશ ગાર્ડનિંગ માટે થઈ શકશે.

આ વિશે પ્રોફેસર એલડી એન્જિનિયરિંગના કલીન, ગ્રીન અને સસ્ટેનેબલ કેમ્પસ ડેવલપમેન્ટ પ્રોજેક્ટના કોરડીનેટર ચૈતન્ય સંઘવીએ જણાવે છે કે, કેમ્પસમાં આવેલી કેન્ટીનમાં ફૂડ વેસ્ટ જનરેટ થાય છે, પરંતુ એનો યોગ્ય નિકાલ કરી ખાતર અને બાયોગેસ બનાવવામાં આવી રહ્યો છે. કેમ્પસમાં એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે ઈલેક્ટ્રિક વેહિકલની પણ માંગણી ઉઠઈ છે.